ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૬૭ ટકા

# છેલ્લા સપ્તાહમાં કૂતરા કરડવાના ૫૪ કેસ નોંધાયા

## શહેરમાં મેલેરીયાના ૩૨, ડેન્ગ્યુના ૮ અને ટાઈફોઈડના ૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં ચોમાસાએ વિધિવત રીતે વિદાય લઈ લીધી છે. તેમ છતા રોગચાળાએ માથું ઉચક્યું છે. જેને પગલે આરોગ્ય વિભાગ ચિંતા ફેલાયેલી જોવા મળે છે.ત્યારે સિવિલમાં એક અઠવાડીયમાં મેલેરીયાના ૩૨ કેસ નોંધાયા છે. જયારે ડેન્ગ્યુંના પણ ૮ દર્દીઓ મળી આવ્યા છે. આગામી સમયમાં શિયાળામાં ડેન્ગ્યુના કેસ વધવાની શકયતાઓ રહેલી છે. ત્યારે શહેરના વિવિધ સેકટરોમાં કુતરુ કરડવાના કિસ્સા પણ સામે આવી રહ્યા છે. શહેરની સિવિલમાં છેલ્લા સપ્તાહમાં ૫૪ કેસ કુતરુ કરડવાના નોંધાતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. જેથી શહેરમાં રખડતા કુતરાને પગલે નાગરીકો ઘરમાં પુરાઈ રહે તેવી સ્થિતિ ઉદ્ભવી છે. જયારે બાળકોને પોતાના ઘર પાસે રમવા માટે મોકલવા માટે પણ વાલીઓ વિચાર કરે છે. તેવી સ્થિતિમાં મનપા તંત્ર દ્વારા કુતરા પકડવાની કામગીરી તેજ કરવામાં આવે તેવી પણ લોકમાંગ ઉઠવા પામી છે.

ચાલુ વર્ષે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચકયું હતું.જેમાં કમળો, ઝાડા-ઉલ્ટી, કોલેરા, સ્વાઈન ફલુ, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, મેલેરીયા, ટાઈફોઈડ સહિતના દર્દીઓ મોટીસંખ્યામાં જોવા મળ્યા છે. શહેરમાં શિયાળાનો ધીમી ગતિએ પ્રારંભ થઈ રહ્યો છે તેમ છતા મેલેરીયાના કેસોમાં ચિંતાજનક સામે આવી રહ્યા છે. શહેરની સિવિલમાં છેલ્લા અઠવાડીયામાં મેલેરીયાના ૩૨, ડેન્ગ્યુના -૮, ઝાડા-ઉલ્ટીના-૬ ટાઈફોઈડના-૪ કેસ નોંધાયા છે. તેની સાથોસાથ ચોમાસાને પગલે સર્પદંશના ૩ અને કુતરુ કરડવાના કિસ્સા પણ વધુ માત્રામાં સામે આવ્યા છે. ત્યારે શહેરમાં રખડતા કુતરાઓનો આંતક વધવા લાગ્યો છે. શહેરમાં છેલ્લા સપ્તાહમાં ૫૪ જેટલા નાગરીકોને કુતરુ કરડ્યાના બનાવ સામે આવ્યા છે. શહેરમાં સેકટરોમાં રખડતા કુતરાઓનો ત્રાસ એટલી હદે વધી જવા પામ્યો છે કે શહેરમાં પોતાના મકાનની આગળ કુતરા ન આવે તે માટે વિવિધ પાણી ભરેલી બોટલ રાખવામાં આવે છે. જયારે નાગરીકોને ઘરમાં પુરાઈ રહેવું પડે તેવો માહોલ ઉભો થવા પામ્યો છે. ત્યારે મનપા તંત્ર દ્વારા રખડતા કુતરા પકડવાની કામગીરી સઘન બનાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## @ગાંધીનગર

● સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન અંગે બેઠક બપોરે ૪ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે મળશે.

## ભાટ પાસે માટી ધસી પડતા ગંભીર ઈજાને પગલે એકનું મોત

ગાંધીનગર નજીક ભાટ ટોલટેકસની બાજુમાં માટીકામનું કામ ચાલતુ હતું તે દરમિયાન અચાનક બપોરના સુમારે માટી ધસી પડતા બે મજુર યુવકોને ગંભીર ઈજા પહોંચી હતી. જયા સારવાર દરમિયાન એક યુવકનું મોત નિપજયુ હતું.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર ભાટ ટોલટેકસની બાજુમાં આજે બપોરના બે વાગ્યાના અરસામાં માટીકામનું કરતા મુળ પંચમહાલના લવાડીયા ગામના અશોક દલાભાઈ પગી ઉં.વ.૨૫ આજે કામ કરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક માટી ધસી પડતા અશોક અને કાળુભાઈ નાનાભાઈને ઈજા પહોંચી હતી. બંન્ને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલીક અમદાવાદ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન અશોકભાઈ પગી ઉં.વ.૨૫ નું મોત નિપજયુ હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સે-૩-બીમાં બે મહિનાથી પડેલા જોખમી ખાડા બાબતે તંત્રની ચલકચલાણી...!!

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સેકટર-૩-બીમાં એક વિજપોલના પાયામાં છેલ્લા બે માસથી પડેલો જોખમી ખાડો ભયજનક બન્યો છે. આ ખાડા અંગે જાગૃત રહીશો દ્વારા



તંત્રના વિવિધ વિભાગોમાં ટેલિફોનિક, મૌખિક, લેખિત અને રૂબરૂ અનેક ફરિયાદો કરવા છતાં આ પ્રશ્ન બાબતે 'ચલક ચલાણી..પેલે ઘેર ધાણી'ની જેમ 'આ કામ અમારું નથી' જેવા જવાબો આપવામાં આવી રહ્યા છે. ખાડાને કારણે ખુલ્લા વિજ વાયરો અને થાંભલો પડી જવાનું જોખમ હોવા છતાં તંત્રની આ પ્રકારની ગંભીર દુર્લક્ષતા કોઈનો ભોગ ના લે તો સારું તેવું રહીશો પ્રાર્થી રહ્યા છે.

પાટનગર હોવાને કારણે ગાંધીનગર શહેરની માળખાગત સુવિધાઓની જવાબદારીઓ અલગ અલગ સરકારી એકમો જેવા કે મહાનગરપાલિકા, પાટનગર યોજના ભવન, માર્ગ મકાન વિભાગ, વિદ્યુત બોર્ડ વગેરેમાં વહેંચાયેલી છે પરંતુ આ વિભાગો વચ્ચે યોગ્ય સંકલન અને સંવાદિતાનો અભાવ હોવાથી ઘણી વાર નાનું સરખું કામ પણ એટલું ખોરંભી ચઢી જાય છે કે જેના કારણે નાગરિકોને પરેશાનીના ભોગ બનવું પડે છે. શહેરના સેકટર-૩-બી ખાતે સ્ટ્રીટ લાઈટના થાંભલા નં. ૧૪૭ના મૂળમાં જ બે માસથી મોટો ભૂવો પડેલો છે. આ ભૂવાને કારણે અન્ડરગ્રાઉન્ડ વિજ કનેકશનના વાયરો જોખમી રીતે ખુલ્લા થઈ ગયેલા છે તેમજ થાંભલો પડી જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. આ જોખમને કારણે સ્થાનિક રહીશો દ્વારા ટોરેન્ટ પાવર, પાટનગર યોજના ભવન, વિદ્યુત બોર્ડ, મહાનગરપાલિકા તથા માર્ગ મકાન વિભાગ વગેરેમાં રજુઆતો કરવા, ફોનથી ફરિયાદ નોંધાવવા, રૂબરૂ મળી રજૂઆત કરવા ઉપરાંત લેખિત ફરિયાદો આપવા છતાં આ સમસ્યાનો ઉકેલ બે માસ બાદ પણ આવી શકયો નથી. કેટલાક વિભાગના અધિકારીઓ દ્વારા રૂબરૂ મુલાકાત લઈ કામની બાંહેધરી આપ્યા પછી પણ 'આ કામ અમારામાં નથી આવતું તમે ફલાણા વિભાગમાં મળો' તેવા જવાબો પરખાવી છટકી જતા જોવાયા છે.

વિજ થાંભલો પડી જવાના ઉભા થયેલા જોખમને કારણે જો અકસ્માત સર્જાય તો કોઈનો ભોગ લેવાઈ શકે છે. આ સંજોગોમાં આ ખાડો પુરવાનું કામ 'કયા વિભાગની જવાબદારીમાં' આવે છે તે રહીશો જાણવા માંગે છે અને સત્વરે જો આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન છેડવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.



## મુકિતધામમાં સાતમીવાર કોબ્રા નીકળ્યો

ચોમાસાના વરસાદ પછીનો સમય સરિસૃપો માટે 'ફુડ ફેસ્ટિવલ' ગણાય છે કારણ કે વરસાદ પછી ઉગી નીકળેલી વનસ્પતિના કારણે જીવજંતુઓની સંખ્યામાં થયેલો વધારો સરિસૃપો માટેનો આહાર હોય છે. શિયાળાની શિત નિંદ્રામાં જતા પહેલા સરિસૃપો શકય હોય તેટલો વધુ આહાર ગ્રહણ કરવા પ્રયત્ન કરે છે. જે પ્રયાસમાં ખુલ્લામાં વારંવાર આવી જાય છે. વળી ગાંધીનગર વનરાજી ધરાવતું હોવાને કારણે અહીં આવા સરિસૃપોનો વસવાટ મોટા પ્રમાણમાં જોવા મળે છે.વરસાદ પછીના સમયમાં ગાંધીનગરના સે-૩૦ના સ્મશાન મુકિતધામ ખાતે આજે મળીને સતત સાતમીવાર કોબ્રા નાગ નિકળવાની ઘટના સર્જાઈ હતી. દર વખતની જેમ આ વખતે પણ શહેરના જીવદયા પ્રેમીઓ અમિત ગોંડ અને જીગ્નેશ જોષી દ્વારા આ કોબ્રાને સહી સલામત રીતે પકડી યોગ્ય જગ્યાએ છોડી મુકવામાં આવ્યો હતો. મુકિતધામના સંચાલકોએ બંને યુવાનોની કલાની પ્રસંશા કરી હતી.

## લીયો મલ્ટીપલ ઈન્સ્ટોલેશન તેમજ કાઉન્સલીંગ મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૯

લીયો મલ્ટીપલ ડીસ્ટ્રીકટ ૩૨૩૨ની પહેલી કાઉન્સલીંગ મીટીંગ




અને ઈન્સ્ટોલેશન સેરેમની સેલવાસા ખાતે યોજાઈ હતી. તેમાં મલ્ટીપલ કાઉન્સલીંગ ચેરમેન લાયન કમલેશ શાહ, લાયન વાઈઝ ડિસ્ટ્રીકટ પ્રેસિડન્ટ, ચંદ્રકાન્ત દફતરી તેમજ વાઈઝ ડિસ્ટ્રીકટ પ્રેસિડન્ટ લાયન સંજીવ કેશરવાની ઉપસ્થિત રહ્યા હતા. વળી મલ્ટીપલ ડીસ્ટ્રીકટ ૩૨૩૨ ઈન્સ્ટોલેશનમાં ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે લાયન સુનીલ ગુગલીયાજીએ એમના સરળ અંદાજમાં મલ્ટીપલ પ્રેસિડન્ટ લીયો પ્રિયંકા રાવલ જૈન તેમજ તેમની ટીમનું ઈન્સ્ટોલેશન કરાવ્યું હતું. વળી લાયન મલ્ટીપલ કાઉન્સીલ ચેરમેન લાયન કમલેશ શાહ એ લીયોને તેમના સરળ અંદાજમાં લીયોનો ઉત્સાહ વધાર્યો હતો. વળી લીયો મલ્ટીપલ ડીસ્ટ્રીકટ પ્રેસિડન્ટ લીયો પ્રિયંકા રાવલ જૈન એ પણ તેમના વકતવ્યમાં લીયો મલ્ટીપલ ડીસ્ટ્રીકટ ૩૨૩૨ વર્ષના અંતમાં નવા શિખર સર કરશે તેવું જણાવ્યું હતું અને અંતમાં ઉપસ્થિત દરેક લીયો મિત્રોનો ફર્સ્ટ કાઉન્સીલ ચેરમેન લીયો વિનય ચૌધરીએ આભાર માન્યો હતો.

## યુવા ક્રાંતિ રથ ગાંધીનગર જિલ્લામાં બુધવારે પ્રવેશશે

ગાંધીનગર, તા.૯

શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા ગાયત્રી શકિતપીઠ ગાંધીનગર તથા ગાંધીનગર જિલ્લા ગાયત્રી પરિવારના સહયોગથી રાષ્ટ્રના યુવાનોને નવનિર્માણ હેતુ પ્રેરિત કરવા 'યુવા ક્રાંતિ રથ' ભારત રાષ્ટ્રમાં ભ્રમણ કરી રહ્યો છે તે પૈકીનો એક રથ તા. ૧૧મી ઓકટોબરના રોજ ગાંધીનગર જિલ્લામાં પ્રવેશશે.

સવારે સાડા સાત વાગે સેકટર-૧ ગાયત્રી શકિતપીઠ ખાતે સ્વાગત થશે. સવા આઠ વાગે નર્સીંગ એન્ડ ફીઝીયોથેરાપી કોલેજ સિવિલ હોસ્પિટલ-સે-૧૨, સવા નવ વાગે રાંધેજા-વાસણીયા મહાદેવ જતાં રાંધેજા રોડ પર, પોણા દસ વાગે બાપુ ગુજરાત નોલેજ વિલેજ વાસન, અગિયાર વાગે એસ.ડી. આર્ટસ એન્ડ બી.આર. કોમર્સ કોલેજ માણસા, બાર વાગે ગાયત્રી શકિતપીઠ માણસા, અઢી વાગે લોદરા ગામે ચાર લક્ષ્ય સ્વસ્થ યુવા, વિવેકી યુવા, સ્વાવલંબી યુવા અને સેવાભાવી યુવા સાથે ફરશે.

## અંસારી પરિવારનું ગૌરવ

ગાંધીનગર, તા.૯

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન (મેવા) સમાજ દ્વારા ૧૫મા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ તાજેતરમાં યોજાયો



હતો. જેમાં કુ. તહેમીન બસીરભાઈ અંસારીએ ધોરણ-૧૦માં ગાંધીનગર ખાતે પ્રથમ સ્થાન મેળવતા તેમને ટ્રોફી તેમજ રોકડ પુરસ્કાર સમારોહના પ્રમુખ જનાબ નિસારઅહેમદ શેખના હસ્તે અર્પણ કરાયેલ તેમજ તેમની માતાશ્રી અંસારી રસીદાબેનનું શ્રીમતી હરિનક્ષી શર્મા દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કુ. તહેમીન એ અંસારી કુટુંબનું ગૌરવ વધાર્યું છે.

# ગાંધીનગરના અગ્રણી અંબુસિંહ ગોલને ચતુર્થ સમાજરત્ન એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા.૯

ચતુર્થ સમાજ રત્ન એવોર્ડ ગઈકાલે અંબાજી ખાતે પરમપૂજય સંતશ્રી આનંદમૂર્તિજી મહારાજના હસ્તે ગાધીનગરના ઉદ્યોગપતિ તેમજ સેવાકીય પ્રવૃત્તિઓની કદર કરી સમાજ રત્ન એવોર્ડ અંબુસિંહ ગોલને એનાયત કરવામાં આવ્યો હતો. અંબુસિંહ ગોલને જ્યારે સમાજ રત્ન એવોર્ડ આપવાનું નક્કી થયું ત્યારે તેમણે અન્યને આ એવોર્ડ આપવા નમ્ર સૂચન કર્યું હતું. પરંતુ સમાજની પાંચ સભ્યોની કમિટીએ ગુજરાતનો મોટામાં મોટો રત્ન એવોર્ડના માપદંડમાં અંબુસિંહ પસંદ થયા છે તેથી તેમને એવોર્ડ અપાઈ રહ્યો હોવાથી તેઓએ નમ્રભાવે એવોર્ડ સ્વીકારતાં સમાજનું ઋણ મારા પર સદાય રહેશે તેમ જણાવ્યું હતું.

આ અગાઉ સમાજ રત્ને જેને આપવામાં આવ્યા હતા. ૨૦૧૪માં બળવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર), ૨૦૧૫ ઘેલુભા વાઘેલા સાણંદ, ૨૦૧૬નો એવોર્ડ ભરૂભા રાઓલ-ચાવડા ચાંગોદર અને ૨૦૧૭નો અંબુસિંહ ગોલ (વાવોલ)ને એનાયત કરવામાં આવ્યો હતો. તેમ રાજપૂત સમાજ અંબાજીના ટ્રસ્ટી સામંતસિંહજી સોલંકીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે પ.પૂ. સંતશ્રી આનંદમૂર્તિજી મહારાજે શાલ ઓઢાડી, પ્રસંનિય પત્ર આપી એવોર્ડ આપતાં જણાવ્યું હતું કે, યોગ્ય વ્યક્તિની સમાજે કદર કરી છે. જે કામ કરે તેનું સમાજે સન્માન કરવું જોઈએ. અંબુસિંહ ગોલનો પરિચય અને તેમની સેવાભાવી પ્રવૃત્તિઓની ભારોભાર પ્રસંશા કરવામાં આવી હતી અને દિનપ્રતિદિન મા અંબા પ્રગતિ સેવાકીય પ્રવૃત્તિ કરવાની શક્તિ તેમને તેમજ તેમના પરિવાર મિત્રો વગેરેને આપે તેવા આર્શિવચન સાથે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જ્ઞાનયજ્ઞના અતિથિ વિશેષશ્રીઓ અનિરૂદ્ધસિંહ જાડેજા જીટીપીએલ ડાયરેકટર, કનકસિંહ રાણા ડાયરેકટર જીટીપીએલ, હંસાબા ચંદનસિંહ રાજપૂત, વિક્રમસિંહ રાઉલજી, હેમાભાઈ રાજપૂત, મહેન્દ્રસિંહ વાઘેલા, ડૉ. દિપુબા દેવડા, ડૉ. સુહાસબા ડાભી, દાનસિંહ જાડેજા, સાવજસિંહ જાડેજા, ઉદેસિંહ સોલંકી, કરણસિંહ વાઘેલા, દિલીપસિંહ ચાવડા, જીતેન્દ્રસિંહ વાઘેલા, કિશોરસિંહ સોલંકી, પ્રતાપસિંહ જાડેજા, વિજયસિંહ પરમાર, કાનાભાઈ રાજપૂત, થાનાજી રાજપૂત, જયદિપસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ રાણા, પી.પી. બિહોલા, શેતાનસિંહ રાજપૂત, લક્ષ્મણસિંહ પરમાર, વિરાજસિંહ રાણા, લક્ષ્મણસિંહ રાજપૂત, કાનભા ગોહિલ, વિનોદસિંહ રાઠોડ, નાગરિક બેંકના પૂર્વ ચેરમેન એલ.કે. વાઘેલા, સરકીટ હાઉસના પૂર્વ ચેરમેન અને ગાંધીનગર રાજપૂત સમાજના અગ્રણી કેશરીસિંહ વાઘેલા, વસાહત મહામંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, ગાંધીનગર રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ, શંકરસિંહ રાણા વિગેરેએ અંબુસિંહ ગોલને અભિનંદન પાઠવ્યા હતા.

## નાગર યુવાનો માટે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ)ના ઉપક્રમે આગામી તા. ૧૭-૧૨-૨૦૧૭ના રવિવારના રોજ નાગર યુવક/યુવતીઓ માટે 'જીવનસાથી પસંદગી સંમેલન'નું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે. આ સંમેલનમાં ભાગ લેવા માંગતા હોય તેઓએ નરેશચંદ્ર રામપ્રસાદ રાજા, ૪૫૮, જેઠાભાઈની પોળ, ખાડિયા, અમદાવાદના સરનામા ઉપરથી તેમજ વેબસાઈટ www. nagarpratishtan પરથી પણ વિના મુલ્યે આવેદનપત્ર મેળવી શકશે. ભરેલા આવેદનપત્રો મોડામાં મોડા તા. ૫-૧૨-૨૦૧૭ના રોજ સાંજના સાડા પાંચ સુધીમાં જમા કરાવવાના રહેશે.

## ઠાકોર સમાજના યુવા વર્ગ માટે સ્પર્ધાત્મક પરિક્ષાના તાલિમ વર્ગનું આયોજન

ગાંધીનગર, તા.૯

ક્ષત્રીય ઠાકોર સમાજ એજયુકેશન ટ્રસ્ટ (સૂચિત) ગાંધીનગર દ્વારા સરકારી નોકરીઓ માટેની ભરતી માટેના તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલું છે. જેથી ઠાકોર સમાજના બાળકોને રાહત દરે દરરોજ દોઢ કલાકનું કોચિંગ આપવામાં આવશે. આથી સંસ્થાના પ્રમુખ ધર્મેશભાઈ ઠાકોર દ્વારા જણાવવામાં આવે છે કે સમાજના જે ભાઈઓ કે બહેનોએ તાલીમ વર્ગોમાં જોડાવવું હોય તેઓ મો.નં. ૯૦૩૩૦૦૬૨૮૬ પર પોતાનું નામ રજીસ્ટર કરાવી શકે છે.

# જીઆઈએફ સુરક્ષા કર્મીઓ પડતર પ્રશ્નોને મામલે ધરણાં કરશે

## તા. ૧૬મી ઓકટોબરે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં-દેખાવો યોજાશે : જરૂર પડે ઉપવાસ આંદોલનની પણ ચિમકી

ગાંધીનગર, તા.૯

ગુજરાત સરકાર દ્વારા ઔદ્યોગિક સુરક્ષા દળના કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે ઉદાસીનતા સેવવાને પગલે તા. ૧૬મી ઓકટોબર સેકટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે દેખાવો-ધરણાં યોજવાની જાહેરાત સાથે જરૂર પડે ઉપવાસ આંદોલન હાથ ધરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. જીઆઈએફએસ મઝદૂર સંઘ દ્વારા આ બાબતે રાજયના ગૃહ મંત્રી પ્રદિપસિંહ જાડેજાને લેખિત આવેદનપત્ર આપી આ બાબતે ઘટતું કરવા માંગ કરવામાં આવી છે.

ગુજરાત ઔદ્યોગિક સુરક્ષા દળ મઝૂદર સંઘ દ્વારા જીઆઈએફએસ કર્મચારીઓના લાંબા સમયથી પડતર પ્રશ્નો જેવા કે જીઆઈએફએસને જાહેર સાહસ તરીકે જાહેર કરી રાજય સરકારના ગૃહ વિભાગની સીધી દેખરેખ હેઠળ લાવી તેના કર્મચારીઓને સરકારી કર્મચારી તરીકે ગણી કાયમી કરવા બાબત, સરકારી તથા અર્ધસરકારી સંસ્થાઓમાં વર્ષ ૨૦૦૩ના ઉદ્યોગ વિભાગના પરિપત્ર અનુસાર વિના ટેન્ડરે સિકયુરિટી ગાર્ડ તરીકે લેવાની વ્યવસ્થા ગોઠવવા બાબત, જીઆઈએફએસના કર્મચારીઓને મળતા વેતનમાં વહીવટી ચાર્જ, સર્વિસ ટેક્ષ તથા માસિક વર્ધી ચાર્જ વગેરે દૂર કરી પુરેપુરો પગાર ચુકવવા બાબત તથા જીઆઈએફએસ મઝદૂર સંઘને માન્યતા આપવા બાબતના મુદ્દાઓનો સમાવેશ થાય છે. આ સહિતના વિવિધ પ્રશ્નો જો સરકાર દ્વારા સત્વરે નહી ઉકેલાય તો તા. ૧૬મી ઓકટોબરના ધરણાં દેખાવો ઉપરાંત ઉપવાસ આંદોલનની ફરજ પડશે તેવું જીઆઈએફએસ મઝદૂર સંઘના મહામંત્રી નીલમ દેસાઈ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## આર.એન. પટેલ શાળા બાળ વિજ્ઞાન કોંગ્રેસમાં રાજય કક્ષાએ



ગાંધીનગર, તા.૯

ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય ગ્રામ ભારતી અમરાપુર ખાતે રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ ૨૦૧૭નું આયોજન થયેલ હતું. તેમાં લીડર શ્રી મોહિબઅહેમદ અંસારીએ પ્રોજેકટ રજૂ કર્યો હતો. જેમાં માર્ગદર્શક શિક્ષિકા શ્રીમતી પારૂલબેન પટેલના નેજા હેઠળ તેમનો પ્રોજેકટ સ્ટેટ લેવલે પસંદગી પામ્ય હતો. જે બદલ આચાર્ય દશરથભાઈએ રાજયકક્ષાની સ્પર્ધા માટે તેમને શુભેચ્છા પાઠવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. મણીબા દસુભા રાઠોડ, ઉ.વ. ૮૫
- સ્વ. અમાજી મગનજી ડાભી, ઉ.વ. ૫૮
- સ્વ. લક્ષ્મીબેન કાન્તિજી ઠાકોર, ઉ.વ. ૭૦